# કોયડો મદદ માર્ગદર્શિકા

- **સર્વસામાન્ય નિરીક્ષણ (Overview)**

આપણે ક્રોસવર્ડ પઝલથી(કોયડા રમતથી) તો સુપેરે પરિચિત છીએ. આપણે સમાચારપત્રોમાં, સામયિકોમાં આવતી આડી-ઊભી ચાવીઓવાળી ક્રોસવર્ડ(કોયડા)ની રમત રમતા હોઈએ છીએ. જો બધી જ આડી-ઊભી ચાવીઓના જવાબ મળી જાય તો ખૂબ જ આનંદ અનુભવ્યાનો રોમાંચ પણ આપને યાદ હશે જ. તો બસ એ જ, લોકોની લાડીલી કોયડા રમતને અમે ગુજરાતીલેક્સિકોન ઉપર લઈ આવ્યા છીએ.

આ શબ્દ–કોયડા રમત નેટ પર રમવી અને સાથોસાથ શબ્દો જોડે ઘરોબો કેળવી આપણી શબ્દ–સમૃદ્ધિ મેળવવી હવે તો અત્યંત સરળ છે. તેમાં દરેક પ્રશ્નનો જવાબ કેટલા અક્ષરનો હશે તે પ્રશ્નની સાથે કૌંસમાં જણાવેલું જ હશે. વળી, તે જવાબ આડા ખાનામાં ભરવાનો છે કે ઊભા ખાનામાં તે નક્કી કરવું પણ સરળ છે. તે માટે પ્રશ્ન આડી ચાવીમાં આપેલો છે કે ઊભી ચાવીમાં તે જોઈ લેવું. ચાવીની સામે પ્રશ્ન નંબર આપેલો હોય તે નંબરના ખાનામાં તેનો જવાબ ભરવો. તે લખવા માટે કી–બોર્ડની માગણી કરતાં ત્યાં જ કી–બોર્ડ પણ મળી રહે છે.

- દેખાવ (**Appearance**)

સૌપ્રથમ ક્રોસવર્ડની રમત રમવા માટે http://www.gujaratilexicon.com/game/crossword/ લિંક ખોલવી.

લિંક ઉપર ક્લિક કરતાં નીચે દર્શાવ્યા પ્રમાણેનો ક્રોસવર્ડ ખુલશે.




❖ કીબોર્ડ સુવિધા (**Keyboard Facility**)

ક્રોસવર્ડમાં જવાબ ભરવા માટે ગુજરાતી ફોનેટિક કીબોર્ડ તેની સાથે જ આપવામાં આવેલું છે અને જો ઓન સ્ક્રીન કીબોર્ડની સુવિધાનો ઉપયોગ કરવો હોય તો તે પણ આપ કરી શકો છો.

ગુજરાતી કીબોર્ડ મેળવવા માટે કીબોર્ડ લખેલા બટન ઉપર ક્લિક કરો અને ક્લિક કરતાં ગુજરાતી કીબોર્ડ ખુલશે. તમારે જે શબ્દ લખવો હોય તે અક્ષર ઉપર ક્લિક કરવું.




❖ **કેવી રીતે રમવું (How to Play)**

- ક્રોસવર્ડમાં આડા અને ઊભા કુલ 7 ખાનાંઓ આપવામાં આવ્યા છે
- આડી અને ઊભી ચાવીઓની મદદથી આ કોયડો ભરવો.
- આડી અને ઊભી બંને ચાવીઓમાં દરેક પ્રશ્નની સાથે તેના જવાબના અક્ષરો એટલે કે જવાબ કેટલા અક્ષરનો છે તે જણાવવામાં આવે છે. દા.ત. આપણા દેશનું નામ (3)

  આ પ્રશ્નનો જવાબ ત્રણ અક્ષરનો છે એટલે કે ભારત.
- **જવાબ લખવા દરેક ખાનામાં એક એક અક્ષર લખવો જેમ કે પ્રથમ ખાનામાં ભા, બીજા ખાનામાં ર અને ત્રીજા ખાનામાં ત.**
- **દરેક નવા ખાનામાં જવા માટે ટેબ આપવી અથવા એરો બટનનો ઉપયોગ કરવો**
- દરેક પ્રશ્નની સાથે તેના ચાવી નંબર પણ આપવામાં આવશે એટલે કે કયા પ્રશ્નનો જવાબ કયા ખાનામાં ભરવો તે બતાવવામાં આવે છે. એક ખાનામાં ફકત એક જ અક્ષર લખવો.



- ક્રોસવર્ડમાં દરેક ક્ષેત્ર અને દરેક બાબતને લગતા પ્રશ્નનો પૂછવામાં આવેલા છે તેની નોંધ લેવી. આ ઉપરાંત તેમાં જોડણીની ચોક્કસાઈનું ધ્યાન રાખવું.

❖ જો તમારો જવાબ સાચો હશે પરંતુ તેની જોડણી સાચી નહિ હોય તો જવાબનો કલર લાલ રહેશે સાચી જોડણી દાખલ કરતાં તેનો રંગ બદલાઈને લીલો થઈ જશે.




❖ **ઉકેલ (Answer)**

- જો ક્રોસવર્ડના બધા જ જવાબનો રંગ લીલો હોય તો આપનો આખો ક્રોસવર્ડ સાચો છે અને તમે જીતી ગયા છો. આ માટે તમે ક્રોસવર્ડ ચકાસો ઉપર પણ ક્લિક કરી શકો છો.

- જો કોઈ ચાવીનો જવાબ ના મળેલ હોય તો તેનો ઉકેલ જાણવા ઉકેલ ઉપર ક્લિક કરો. ઉકેલ ઉપર ક્લિક કરતાં તમને દરેક ચાવીઓના સાચા જવાબો જાણવા મળશે.




❖ **નવો કોયડો ( New Game )**

નવા કોયડો રમવા માટે નવો કોયડો ઉપર ક્લિક કરો. તમારો જવાબ ચકાસવા માટે ક્રોસવર્ડ ચકાસો પર ક્લિક કરો અને કોયડાનો ઉકેલ મેળવવા માટે ઉકેલ બટન ઉપર ક્લિક કરો.




❖ **સંપર્ક (Contact)**

જો આપને આ રમત કેવી રીતે રમવી અથવા આ રમત અંગે કોઈ પણ પ્રશ્ન હોય તો આપ અમારો નીચેના સરનામા ઉપર સંપર્ક સાધી શકો છો.

**Arnion Technologies Pvt. Ltd**
**303 – A, Aditya Arcade,**
**Nr. Choice Restaurant, Swastik Cross Road,**
**Navrangpura, Ahmedabad – 380009**

**Ph : +91-79-400 49 325**
**Email : info@gujaratilexicon.com or info@arniontechnologies.com**